

## સરદાર ભગતસિંહનો રાષ્ટ્રપ્રેમ

એ દિવસોમાં ભગતસિંહે બી.એ.માં પ્રવેશ મેળવ્યો જ હતો. એમના પિતા તથા દાદી એમનાં લગ્નની તૈયારી કરવા લાગ્યાં. જ્યારે આ વાત ભગતસિંહે સાંભળી ત્યારે પિતાને પત્ર લખ્યો : ‘બાપુજી, મેં તન–મન–ધનથી દેશ સેવા કરવાની પ્રતિજ્ઞા લઈ લીધી છે. આથી મને લગ્નના બંધનમાં બાંધવાના પ્રયત્નો કરવાને બદલે આશીર્વાદ આપો કે હું મારી પ્રતિજ્ઞા પાળવામાં સફળ થઈ શકું.

આ પત્રથી ભગતસિંહનાં દાદી બહુ દુઃખી થયા. એમણે ભગતસિંહને લગ્ન માટે બળજબરી કરી. આથી ભગતસિંહના પિતા શ્રી કિશનસિંહે ભગતસિંહને પત્ર લખ્યો – ‘બેટા ભગત, મેં પોતાના જીવનમાં ક્યારેય માતાની આજ્ઞાને ઉથાપી નથી. એમણે મને તારા લગ્ન કરાવવાનો આદેશ આપ્યો છે. આથી હું મજબૂર થઈને તને આજ્ઞા આપું છું કે તું લગ્ન માટે તૈયાર થઈ જા !

આ પત્રના જવાબમાં ભગતસિંહે લખ્યું : ‘બાપુજી, તમે મોહમાં અંધ ન બનો. વિવેક અને સમજણથી કામ લેશો. શ્રદ્ધા અને ભક્તિનાં ફૂલ વિવેકના પ્રકાશમાં જ ખીલે છે. મારા હૃદયમાં રાષ્ટ્રપ્રેમનું વૃક્ષ તમે જ વાવ્યું છે. હવે તમે જ એને કાપવાનો પ્રયત્ન કરી રહ્યા છો. તમને તો આનંદ થવો જોઈએ કે રાષ્ટ્રપ્રેમની બાબતમાં તમારો દીકરો તમારાથી આગળ છે. કેવી નવાઈની વાત છે કે તમને તમારી માત્ર એક માતાની ચિંતા છે, બત્રીસ કરોડ લોકોની માતાની તમે ચિંતા નથી કરતા.

બાપુજી, મારે લગ્ન નથી કરવા અને જો આ ગુલામ દેશમાં મારાં લગ્ન થશે તો માત્ર મૃત્યુ જ મારી પરણેતર બનશે. ‘ઈન્કલાબ જીન્દાબાદ’ ના નારાઓનો પોકાર કરતી રેલી સ્વરૂપે મારી જાન આવશે. અને જાનૈયાઓ દેશ માટે મરી ફીટનાર દેશભક્તો હશે. બાપુજી, મને એ ખબર પડી ગઈ છે કે મારાં લગ્નથી દેશનું ભલું નહીં થાય. દેશનું ભલું થશે, દેશ માટે ફના થવાથી. હું જાણું છું કે મારાં

લગ્નની ચર્ચાનો અંત મારા જતા રહ્યા પછી જ આવશે. આથી હું તમને પ્રણામ કરી બીજી જગ્યાએ જઈ રહ્યો છું.

પોતાના પિતાને આ પત્ર મોકલી ભગતસિંહ લાહોરથી કાનપુર આવી ગયા. કાનપુરમાં એમણે શ્રી ગણેશશંકર વિદ્યાર્થીના નિદર્શન હેઠળ ઘણાં ક્રાંતિકારી કાર્યો કર્યાં.

૩૦મી ઓક્ટોબર, ૧૯૨૮ના રોજ સાયમન કમિશન–વિરોધી દેશભક્તો પર અંગ્રેજ પોલીસ અધિકારી સાંડર્સે અંધાધૂંધ લાઠીચાર્જ કરાવ્યો. આ લાઠીચાર્જથી લાલા લજપતરાય શહીદ થઈ ગયા. સરદાર ભગતસિંહે લાલા લજપતરાયના મૃત્યુનો બદલો અંગ્રેજો સામે લીધો.

અંગ્રેજ સરકાર વિરુદ્ધ ક્રાંતિની મશાલને તેજસ્વી બનાવવા ૨૩મી માર્ચ, ૧૯૩૧ના રોજ તેઓ ફાંસીના માંચડે ચડી ગયા.

– સૌજન્ય : બચ્ચોં કા દેશ

(અનુવાદ : મમતા શર્મા)

■